# પુંસરીના ડંકેશ્વર મહાદેવનો પાટોત્સવ ધામધૂમથી ઉજવાયો



તલોદ તા. ૭

તલોદ તાલુકાના પુંસરી ખાતે આવેલ બ્રાહ્મણ સમાજ ના આસ્થા ના પ્રતિક સમા પૌરાણિક ડાંકેશ્વર મહાદેવ ખાતે ધામધૂમ થી પાટોત્સવ નું ભવ્ય આયોજન કરવામાં આવ્યું હતું આ પાટોત્સવ માં દાદા ની ભવ્ય શોભાયાત્રા કાઢવામાં આવી હતી અને ગોમતિવાડ બ્રાહ્મણ સમાજ ના દરેક ના ઘરે પધરામણી કરવામાં આવી હતી પાટોત્સવ માં લઘુરુદ્ર અને મહાપ્રસાદ ના દાતા મનોજભાઈ જોષી દ્વારા સહયોગ આપવામાં આવ્યો હતો પાટોત્સવ નું આયોજન પુંસરી ગોમતિવાડ બ્રાહ્મણ સમાજ ના અગ્રણી યોગેશ જોષી, ઘનશ્યામ જોષી ભાવેશ જોષી તુષાર જોષી દ્વારા કરવામાં આવ્યું હતું આ પ્રસંગે ગોમતિવાડ બ્રાહ્મણ સમાજ ના બહારગામ રહેતા લોકો પણ મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી પાટોત્સવ ની ભવ્ય ઉજવણી કરી હતી

# અરવલ્લી જિલ્લો રેશનીંગના જથ્થા વિતરણમાં રાજયમાં બીજા સ્થાને

## બનાસકાંઠા છઠ્ઠા સ્થાને, સાબરકાંઠા ૧૫મા સ્થાને

બાયડ, તા.૭

રાજ્યમાં સસ્તા અનાજની દુકાન મારફતે કાર્ડ ધારકોને રેશનીંગનો જથ્થો ફાળવવામાં આવે છે ત્યારે સમગ્ર રાજ્યમાં વિતરણ વ્યવસ્થામાં અરવલ્લી જિલ્લો જાન્યુઆરી-૨૦૨૩માં રાજયમાં બીજા સ્થાને આવ્યો છે. જ્યારે બનાસકાંઠા છઠ્ઠા સ્થાને તથા સાબરકાંઠાએ ૧૫મું સ્થાન મેળવ્યું છે.

પ્રાપ્ત જાણકારી અનુસાર ૨ વર્ષ અગાઉ સરકારી સસ્તા અનાજની દુકાનોને ફાળવવામાં આવતો અનાજનો જથ્થો બારોબાર વેચી મારવાનું કૌભાંડ ઉજાગર થયા પછી એ.પી. સેન્ટર તરીકે સાબરકાંઠા જિલ્લો પંકાયો હતો. અનાજનો જથ્થો સગેવગે થતો અટકાવવા રાજ્યના અન્ન અને પુરવઠા વિભાગે આધુનિક સર્વેલન્સનો ઉપયોગ કર્યા પછી ગેરરીતીમાં સામાન્ય ઘટાડો થયો છે. વિભાગ દ્વારા દર મહિને વિતરણ કરાતા જથ્થાના આધારે જે તે જિલ્લાની પુરવઠા શાખાને રેટીંગ આપવામાં આવે છે. જેમાં અરવલ્લી જિલ્લામાં સસ્તા અનાજની દુકાનો મારફતે ૯૭.૧૩ ટકા રેશનીંગના જથ્થાનું વિતરણ કરી રાજ્યમાં બીજા સ્થાને રહ્યો છે. જ્યારે સુરત જિલ્લો ૯૬.૮૦ ટકા સાથે પ્રથમ સ્થાને રહ્યો છે. ઉત્તર ગુજરાતની વાત કરીએ તો રેશનીંગ વિતરણમાં બનાસકાંઠા જિલ્લો ક્ઠ્ઠા સ્થાને, સાબકાંઠા ૧૫મા સ્થાને, પાટણ ૨૧મા સ્થાને અને મહેસાણા જિલ્લો ૨૬મા સ્થાને રહ્યો છે.

| તાલુકો | વિતરણ ટકાવારી |
|---|---|
| ભિલોડા | ૯.૪ ટકા |
| મેઘરજ | ૯૭.૧ ટકા |
| મોડાસા | ૯૮.૦૮ ટકા |
| ધનસુરા | ૯૭.૩૨ ટકા |
| માલપુર | ૯.૯૭ ટકા |
| બાયડ | ૯૬.૦૩ ટકા |

મોડાસા તાલુકો વિતરણ વ્યવસ્થામાં પ્રથમ સ્થાને અરવલ્લી જિલ્લાની સસ્તા અનાજની દુકાનો મારફતે કાર્ડધારકોને અનાજનો જથ્થો આપવામાં આવે છે. તેમાં જિલ્લાના ૬ તાલુકા પૈકી મોડાસા તાલુકામાં ૯૮.૦૮ ટકા વિતરણ સાથે તાલુકો જિલ્લામાં અવ્વલ સ્થાને રહ્યો છે.

# તલોદની આશીર્વાદ હોસ્પિટલ ખાતે આગામી રવિવારે ગાયનેક કેમ્પ યોજાશે

તલોદ તા. ૭

તલોદ ખાતે આવેલ આશીર્વાદ હોસ્પિટલ ના સહયોગ થી અમદાવાદ ના સુવિખ્યાત સનફ્લાવર વુમન હોસ્પિટલ અમદાવાદ ના તબીબ ડો આર જી પટેલ દ્વારા આગામી તારીખ ૧૨ ફેબ્રઆરી ને રવિવાર ના રોજ સવારે નવ થી એક વાગ્યા સુધી નિશુલ્ક ગાયનેક કેમ્પ નું આયોજન કરવામાં આવ્યું છે જેમાં જે મહિલા ઓને બંધ ટ્યુબ, વારંવાર આઈ યું આઇ માં નિષ્ફળતા, ઈંડામાં ખરાબી, અનિયમિત માસિક તથા ગર્ભાવસ્થા માં ગાંઠ હોવી તેમજ જે પુરુષો માં ઓછા શુક્રાણુ, તેમજ શુક્રાણુ ન હોય તેવા અને શુક્રાણુ ઓ ની ધીમી ગતિશીલતા અને ખરાબ ગુણવતા વાળા પુરુષો ભાગ લઈ શકશે આ કેમ્પ માં આવેલ દર્દીઓને આઈ વી એફ ની સારવાર માં ખાસ ડિસ્કાઉન્ટ આપવામાં આવશે તેવું આશીર્વાદ હોસ્પિટલ ના વ્યવસ્થાપક પ્રવીણભાઈ પટેલ દ્વારા એક નિવેદન માં જણાવ્યું હતું

### મોયદના ઈસમ સામે પોકસોની ફરિયાદ થઈ


# પ્રાંતિજના મોયદ ખાતે સગીરાની છેડતી કરતા પોલીસ ફરિયાદ

**પ્રાંતિજ પોલીસ સ્ટેશનમા સગીરાના પિતાના દ્વારા પોલીસ ફરિયાદ કરી : પ્રાંતિજ પોલીસે પોક્સો પ્રોહિબિશન એક્ટ વિરૂધ્ધ ગુનો નોંધી તપાસ હાથ ધરી : દિકરીની છેડતી કરી નાસી જતા પિતા દ્વારા આરોપીને પકડીને પોલીસ હવાલે કર્યો**

પ્રાંતિજ તા.૭

સાબરકાંઠા જિલ્લા ના પ્રાંતિજ ના મોયદ રૂપાજી ખાતે લગ્ન પ્રસંગમાં ગયેલ સગીરાને શરીરે ચુટલીઓ ભરી જાતિય સતામણી કરતા મોયદ ના રૂપાજીના ઈસમ સામે પોસકો એક્ટ વિરૂધ્ધ પોલીસ ફરીયાદ થઈ. પ્રાંતિજ ના મોયદ ખાતે રહેતી ધોરણ-આઠ માં અભ્યાસ કરતી ૧૩ વર્ષ ની સગીરા કુટુંબ ના લગ્ન પ્રસંગ ના જમણવાર મા ગઈ હતી તે દરમ્યાન ગામનોજ યુવાન અર્જુન જગાજી ચૌહાણ દારૂ પીધેલી હાલતમા આવી સગીરા ને શરીરે ચુટલીઓ ભરી જાતિય સતામણી કરતા સગીરા ગભરાઈ ગઈ હતી અને તરતજ તેના ઘર તરફ દોડી હતી તો અર્જુન જગાજી ચૌહાણ પણ તેનો પીછો કર્યો હતો અને ત્યાંથી નાસીગયો હતો પણ સગીરાના માતા ને આ વાત ની ખબર પડતા સગીરાની માતા બુમાબુમ કરતી હોય સગીરા ના પિતા દોડી આવેલ અને સગીરા ને પુછતા તેનુ નામ ના આવતુ હોય સગીરા ને તેના પિતા બાઈક ઉપર બેસાડી લઈ ગયા હતા અને આગળ જતા એક ઈસમ દેખાતા સગીરા ના પિતાએ બાઇક ની લાઈટ મારતા સગીરા ઓળખી ગઈ હતી તો ગામજનો અર્જુન જગાજી ચૌહાણ હોવાનુ સામે આવ્યુ હતુ તો સગીરા ના પિતાએ અર્જુન જગાજી ચૌહાણ ને પુછ્યુ કે મારી દિકરી સાથે આવુ કેમ કર્યુ પુછ્યુ અને જપાજપી થયેલ અને અર્જુન જગાજી ચૌહાણ ના મોંઢામાંથી દારૂ પીધેલ હોય વાસ મારતી હતી અને જપાજપી દરમ્યાન કુટુંબી માણસો ભેગા થઈ જતા આરોપી અર્જુન જગાજી ચૌહાણ ને રીક્ષા મા બેસાડી પ્રાંતિજ પોલીસ સ્ટેશન ખાતે લાવ્યા હતા તો પ્રાંતિજ પોલીસ સ્ટેશન મા સગીરા ના પિતા દ્વારા પોલીસ ફરિયાદ કરતા પ્રાંતિજ પોલીસે સગીરા ના પિતાની ફરિયાદ ના આધારે અર્જુન જગાજી ચૌહાણ રહે.મોયદ રૂપાજીવાસ તા.પ્રાંતિજ,જિ.સાબરકાંઠા વિરૂધ્ધ આઈપીસી કલમ ૩૫૪એ(૨), ૩૨૩ તથા પોકસો-૧૨ તથા પ્રોહિબશન એક્ટ ૮૫(૧),૬૬(૧) (બી) મુજબ ગુનોનોધી આગળની તપાસ હાથ ધરી હતી.

### અવસાન નોંધ...



તલોદ પંચાલ સમાજના અગ્રણી આશિષ ભાઈ પંચાલ ના માતુશ્રી સુભદ્રા બેન સોમાભાઈનું ટુંકી માંદગી બાદ નિધન થયું છે સદગતનું બેસણું તારીખ ૯ ફેબ્રઆરી ના રોજ તેઓના નિવાસસ્થાને ૧૦ થી ૨ સુધી રાખવામાં આવ્યું છે.

### વ્યાજખોરો સામે પોલીસની ઝુંબેશ રંગ લાવી

# સાબરકાંઠામાં વ્યાજખોરોની ચુંગાલમાંથી છૂટવા ૭ લોકો પોલીસના શરણે, ૨૩ વ્યાજખોરો સામે ગુનો, ૨૦ની ધરપકડ

## ગુના નોંધાયા બાદ ધરપકડનો દોર શરુ થતાં વ્યાજખોરોમાં સન્નાટો

બાયડ, તા.૭

રાજ્યની ભાજપ સરકાર વ્યાજખોરો સામે બહારવટે ચઢતાં પ્રજામાં પોલીસ અને સરકારની કામગીરીની નોંધ લેવાઈ રહી છે. સાબરકાંઠા જિલ્લામાં વ્યાજખોરોની ચુંગાલમાંથી છૂટવા છ લોકોએ વિવિધ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ આપ્યા પછી તપાસ કર્યા બાદ પોલીસે ૨૩ વ્યાજખોરો સામે ગુનો નોંધ્યો છે જેમાંથી ૨૦ વ્યાલંકવાદીઓની અટકાયત કરવામાં આવી છે. પૈસા આપ્યા પછી તગડું વ્યાજ વસુલતા વ્યાજંકવાદીઓની ધરપકડ થતાં પીડીત પરિવારોમાં પોલીસની કામગીરી સામે ખુશાલી જોવા મળી છે.

રાજ્ય સહિત જિલ્લામાં તા.૫ થી ૩૧ જાન્યુઆરી દરમ્યાન પોલીસ દ્વારા વ્યાજખોરો સામે ખાસ ઝૂંબેશ શરુ કરવામાં આવી હતી. ગેરકાયદેસર રીતે રુપિયાનું ધિરાણ કરી સામાન્ય જરુરીયાત મંદો પાસેથી ઉંચુ વ્યાજ વસુલવાની સાથે સિક્યુરીટી પેટે લખાવી લીધેલ મિલ્કતો પચાવી પાડવાની તેમજ ધાકધમકી આપવાના કિસ્સાઓમાં પોલીસે કડકાઈથી ઝૂંબેશ ઉપાડી જેમાં ઝૂંબેશ દરમ્યાન કોઈની પણ સેહશરમ રાખ્યા વિના માથાભારે વ્યાજખોરો સામે ફરિયાદો નોંધ્યા પછી હવે ધરપકડનો દોર શરુ

### હિંમતનગર તાલુકામાં વ્યાજંકવાદીઓનો ભારે ત્રાસ

સાબરકાંઠાના પાટનગર અને પોલીસ અધિકારીઓના નિવાસસ્થાન છે તેવા હિંમતનગર શહેર સહિત તેના ગ્રામ્ય વિસ્તારોમાં છેલ્લા ૫ વર્ષથી વ્યાજંકવાદીઓએ રીતસરનો આતંક મચાવ્યો હતો. પિડીતી પરિવાર પોલીસ ફરિયાદ કરે એટલે જે તે પોલીસ સ્ટેશનના કર્મીઓ વ્યાજંકવાદીઓના ઘરે પહોંચી જતા અને ખિસ્સાં ભરી મામલો સમેટી લેતા હતા. વ્યાજંકવાદીઓના ત્રાસથી કોઈ આત્મહત્યા કરી લેતો તેના પરિવારને આચમનરુપ સહાય આપી કેસમાં કાગળ ઉપર સમાધાન કરી લેતા પરંતુ હવે વ્યાજંકવાદીઓના પાપનો ઘડો છલકાયો છે અને તેમાં હિંમતનગર તાલુકામાં વ્યાજંકવાદીઓના ભારે ત્રાસ હોય તે રીતે તમામ ફરિયાદો તાલુકાના પોલીસ મથકમાં થઈ છે.

### કયા પોલીસ સ્ટેશનમાં ગુના નોંધાયા

| પોલીસ સ્ટેશન | ગુના |
|---|---|
| હિંમતનગર બી-ડીવીઝન | ૩ |
| ગાંભોઈ | ૨ |
| હિંમતનગર ગ્રામ્ય | ૨ |

સાબરકાંઠા જિલ્લામાં વ્યાજે રુપિયા આપી ઉંચુ વ્યાજ વસુલનારા વ્યાજખોરો વિરુદ્ધ ૨૧ દિવસમાં હિંમતનગર બી-ડીવીઝન પોલીસ સ્ટેશનમાં ૩, ગાંભોઈ-૨ અને હિંમતનગર કુલ-છ ગુના દાખલ કરવામાં આવ્યા છે. જેમાં ૨૩ વ્યાજખોરો વિરુદ્ધ ગેરકાયદે વ્યાજખોરી તેમજ મનીલોન્ડરીંગ એક્ટ હેઠળ ગુના દાખલ કરવામાં આવ્યા પછી કુલ ૨૦ આરોપીઓની ધરપકડ કરવામાં આવી છે. કેટલાક વ્યાજખોરો દ્વારા વ્યાજે રુપિયા લેનારના પરિવારજનોને હેરાનગતિ તેમજ વાહન સહિત અન્ય મિલ્કતો ઉપર કબજો કરવા સહિતની થોકબંધ ફરિયાદો પોલીસ સામે આવતાં પોલીસે કર્યો હોવાથી વ્યાજખોરોમાં સન્નાટો મચી ગયો છે. પોલીસે વ્યાજખોરો સામેની ઝૂંબેશમાં જિલ્લા મથકોએ ખાસ લોકદરબાર યોજ્યા હતા જેમાં ઘણા વર્ષોથી વ્યાજે રુપિયા આપી ગરીબ તેમજ મધ્યમવર્ગીય પરિવારોનું લોહી ચૂસનારા વ્યાજખોરોનો ખોફનાક ચહેરો સામે આવ્યા બાદ એક પછી એક વ્યાજખોરો સામે અલગ અલગ પોલીસ સ્ટેશનમાં ઝૂંબેશ દરમ્યાન ફરિયાદો નોંધાયા પછી હજુ પણ પોલીસે વ્યાજખોરનો ભોગ બનેલા લોકોને ફરિયાદ આપવા માટે આગળ આવવા માટે અપીલ કરી છે જેથી આગામી સમયમાં વ્યાજખોરી સંદર્ભે નોંધાયેલા ગુનાઓમાં વધારો થવાની સંભાવના છે.

# ભારત વિકાસ પરિષદ ધાનેરા શાખા દ્વારા ઈન્ડેનના સહયોગથી એલ.પી.જી. સલામતીનું આયોજન

ધાનેરા તા.૭

ધાનેરા ખાતે આવેલ મધુસૂદન રેસીડેન્સી માં ભારત વિકાસ પરિષદ દ્વારા ગેસબ સલામતીનું આયોજન કરવામાં આવેલ જેમાં પરિષદની બહેનો અને સોસાયટીની બહેનોએ મોટી સંખ્યામાં હાજરી આપેલ હતી. આ અંગે વધુ વિગતો આપતાં અમારા બનાસકાંઠા જિલ્લાના ધાનેરા તાલુકાના સંવાદદાતા ભરત બી. પરમાર નો અહેવાલ જણાવે છે કે ,આ સેમિનાર માં ધાનેરા ઈન્ડેન ના એરિયા મેનેજર રોહિતેશ કુમાર હાજર રહેલ .અને એમના દ્વારા સિલિન્ડર ની ડિલિવરી લેતી વખતે કઈ બાબતો નું ધ્યાન રાખવું ગેસ નો ઉપયોગ કઈ રીતે કરવો ગેસ ની બચત કઈ રીતે કરવું ગેસ વાપરતી વખતે કઈ બાબત નું ધ્યાન રાખવું, લીકેજ ની પરિસ્થતિ માં શું કરવું જોઈએ અને ઈન્ડિયન ઓઇલ દ્વારા નવા આવેલ ૧૦ કિલો ના કંપોજીટ સિલિન્ડર ના ફાયદા સમજાવેલ અને તે ૧૪.૨ કિલો ના સિલિન્ડર કરતા કેટલો સલામત છે એ બધું માર્ગદર્શન આપેલ. અને ૫ કિલો ના એફ. ટી એલ સિલિન્ડર વિશે માહિતી આપેલ આ એફ. ટી. એલ ના સિલિન્ડર માં કોઈ એડ્રેસ પ્રૂફ ની જરૂર નથી અને પેટ્રોલ પંપ અને કિરણા સ્ટોર ઉપર કે પાર્લર ઉપર પણ સરળતાથી મળે છે.




આ કાર્યક્રમ ના અંતે ગેસ લીકેજ સ્થિતિ માં શું કરવું જોઈએ એનું પ્રક્ટિકલ કરી ને એનું માર્ગદર્શન આપેલ ને અંતે બહેનો ને ગિફ્ટ આપવામાં આવેલ આ સેમિનાર માં ભારત વિકાસ પરિષદના સહ સયોજીકા ડોક્ટર સોનાલી બેન કોટડીયા, અને વૃષાલી બેન પંચાલ, મહિલા કાર્યકર નીતાબેન પટેલ, ધાનેરા ઈન્ડેન ગેસ ના રમેશભાઈ ઠક્કર, અમરદીપ ગેસ એજન્સી ના મયંકભાઈ પરમાર મીનાક્ષી બેન રાજપૂત કલ્પના બેન પટેલ અને ભારત વિકાસ પરિષદ ની બહેનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

# રાજ્ય પોલીસવડાના હસ્તે મહિલા પીએસઆઈ કોમલ રાઠોડ અને કિશોરસિંહ સીસોદીયા કમાન્ડેશન ડીસ્ક અવોર્ડથી સન્માનિત



મોડાસા, તા. ૭

પૂર્વ રાજ્ય પોલીસવડા શિવાનંદ ઝાએ રાજ્યમાં ફરજ બજાવતા અધીકારીઓ અને કર્મચારીઓની સારી કામગીરીને બિરદાવવા અને પ્રોત્સાહીત કરવા ડી.જી.પી કમાન્ડેડ અવોર્ડની શરૂઆત કરવામાં આવી હતી ત્યારે સતત ત્રીજા વર્ષે રાજ્ય પોલીસવડા આશિષ ભાટીયાના હસ્તે રાજ્યમાંથી આ અવોર્ડ માટે પસંદગી થયેલ ૧૧૦ પોલીસ અધિકારીઓ અને કર્મચારીઓને કરાઈ પોલીસ એકેડેમી ખાતે અવોર્ડ આપી સન્માનિત કર્યા હતા જેમાં મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડ અને અમદાવાદ શહેર પીએસઆઈ કે. એસ. સીસોદીયાને કમાન્ડેશન ડીસ્ક અવોર્ડથી સન્માનિત કર્યા હતા.


મોડાસા મહિલા પોલીસ સ્ટેશનના પીએસઆઈ કોમલ રાઠોડ સાબરકાંઠા જીલ્લામાં ફરજ દરમિયાન એસઓજી, પેરોલફર્લો અને હિંમતનગર રૂરલ પોલીસ સ્ટેશનમાં સફળ કામગીરી માટે તેમજ એસઓજી અને પેરોલ ફર્લોમાં ફરજ દરમિયાન અનેક નામચીન નાસતા-ફરતા આરોપીઓને ઝડપી પાડી જેલના સળિયા પાછળ ધકેલી દેતા તેમની કામગીરીની નોંધ લઈ ગુજરાત રાજ્ય પોલીસવડા આશિષ ભાટિયાએ કમાન્ડેશન ડીસ્ક અવોર્ડથી સન્માનિત કર્યા હતા

અમદાવાદ શહેરમાં ફરજ બજાવતા કિશોરસિંહ સીસોદીયા અરવલ્લી જીલ્લા પેરોલ ફર્લો ટીમ પીએસઆઈ ફરજ દરમિયાન અનેક ખૂંખાર આરોપીઓને રાજ્ય સહીત રાજસ્થાનમાં ત્રાટકી દબોચી લીધા હતા એક વર્ષમાં ૧૦૧ આરોપીને દબોચી લઈ જેલ હવાલે કરી દીધા હતા પોલીસ સબ ઈન્સ્પેકટર કે.એસ.સિસોદીયાની ઉત્તર ગુજરાતમાં શ્રેષ્ઠ કામગીરીને લીધે પસંદગી કરવામાં આવી હતી અને કમાન્ડેશન ડિસ્ક એવોર્ડથી સન્માનિત કર્યા હતા

# વોલ્વાના એક પરિવારની ઈકો ટ્રક સાથે ભટકાતા પિતા, બે પુત્રો અને ભત્રીજાનું ઘટના સ્થળે કમકમાટી ભર્યું મોત

**કારના પતરા કાપી ૪ લાશ કાઢી : વોલ્વો ગામના એક જ કુટુંબના ચાર લોકોને અકસ્માતરૂપી કાળ ભરખી જતા સમગ્ર પંથકમાં ભારે શોકની લાગણી છવાઈ હતી : મૃતક વસંત ખાંટના એક વર્ષ અગાઉ જ લગ્ન થયા હતા,હજુ તો સુખી સંસારમાં પગરવ પાડ્યા હતા ને નવોઢા યુવતી વિધવા બની**







મોડાસા, તા. ૭

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના વોલ્વા ગામના એક પરિવારની ઈકો કાર લીમડી-રાજકોટ હાઈવે પર ટ્રક સાથે ભટકાતા કારનો કચ્ચરઘાણ નીકળી ગયો હતો કારમાં સવાર પિતા બે પુત્ર અને ભત્રીજા નું ઘટનાસ્થળે જ કમકમાટી ભર્યું મોત નિપજતા ભારે ચકચાર મચી હતી કાર નો કડૂચાલો વળી જતા કારના પતરા કાપી મૃતદેહોને બહાર કાઢવા પડ્યા હતા સ્થાનિક લોકોની મદદથી પોલીસે ચારે મૃતદેહને પીએમ માટે ખસેડી કાયદેસરની કાર્યવાહી હાથધરી હતી વોલ્વા ગામના એક જ પરિવારના ચાર સભ્યોને કાળ ભરખી જતા અરેરાટી વ્યાપી હતી મૃતકના પરિવારજનો અને સગા-સબંધીઓએ ભારે રોકોકકળ કરી મૂક્યું હતું.

પ્રાપ્ત માહિતી અનુસાર, વોલ્વા ગામના ધીરાભાઈ ખાંટના નાના પુત્ર અજય ખાંટ (ઉં.વર્ષ-૧૫) ને હૃદયની બીમારી હોવાથી ઈકો કારમાં તેમના બે પુત્રો અને ભત્રીજા સાથે વહેલી રાજકોટની હોસ્પિટલમાં સારવાર અર્થે નીકળ્યા હતા ઈકો કાર તેમનો મોટો પુત્ર વસંત ખાંટ હંકારી રહ્યો હતો.

લીંબડી-રાજકોટ હાઈવે પર વહેલી સવારે ધુમ્મસના પગલે વિઝિબિલિટી ઘટતા ઈકો કાર-ટ્રક વચ્ચે ગમખ્વાર અકસ્માત જતા કારના આગળના ભાગના ફુરચે ફુરચા નીકળી જતા કારમાં સવાર ચારે લોકોના શરીરે ગંભીર ઈજાઓ પહોંચતા કારમાં કચડાઈ જતા ચારે લોકોના મોત નિપજ્યા હતા અકસ્માતના પગલે સમગ્ર માર્ગ ચિચારીયોથી ગુંજી ઉઠ્યો હતો અકસ્માતના પગલે ભારે ટ્રાફિક સર્જાયો હતો ઘટનાસ્થળે લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા પોલીસે સ્થાનિક લોકોની મદદથી કારના પતરા કાપીને ચારે મૃતદેહ કાઢી પીએમ માટે ખસેડી હતી.

### કમનસીબ મૃતકોના નામ વાંચો..!!

૧) ધીરાભાઈ જેઠાભાઈ ખાંટ (પિતા)
૨) વસંતભાઈ ધીરાભાઈ ખાંટ (પુત્ર)
૩) અજયભાઈ ધીરાભાઈ ખાંટ (પુત્ર)
૪) કાળાભાઈ ચંદુભાઈ ખાંટ (ભત્રીજો)